Gmail

Dr. U. N. RATHOD <vadodeo@gmail.com>

# Campaign - COVID 19 - Tracker, Weekly માહિતી બાબત...

1 message

SSA VADODARA <dpcvadodara@gmail.com> — Fri, Oct 16, 2020 at 1:24 PM

To: "B. R. C. Sinor" <brc.vdr.sinor@gmail.com>, BRC DABHOI <brc.vdr.dabhoi@gmail.com>, BRC DESAR <brc.vdr.desar1@gmail.com>, BRC KARJAN <brc.vdr.karjan@gmail.com>, BRC PADRA <brc.vdr.padra@gmail.com>, BRC SAVLI <brc.vdr.savli@gmail.com>, BRC VADODARA <brc.vdr.vadodara@gmail.com>, BRC WAGHODIYA <brc.vdr.waghodiya@gmail.com>

Cc: tpeodesar@gmail.com, tpeovadodara@gmail.com, Hemant Aditya <tpeodabhoi@gmail.com>, TPEO KARJAN <tpeokarjan@gmail.com>, TPEO PADRA <tpeopadra@gmail.com>, TPEO SAVLI <tpeosavli@gmail.com>, TPEO SHINOR <tpeoshinor@gmail.com>, TPEO WAGHODIYA <tpeowaghodiya@gmail.com>, "Dr.S.P. Chaudhri" <vadodeo@gmail.com>, JOSHI DARSHANABEN <ssam.statett@gmail.com>

પ્રતિ,

BRC કો.ઓ.શ્રી તમામ

જિ.વડોદરા

આથી આપને જણાવવાનું કે રાજ્ય કચેરી દ્વારા પત્ર ક્રમાંક નં. એસએસએ/મકમ/૨૦૨૦/૩૫૩૯૨-૪૬૬, તા.૧૪/૧૦/૨૦૨૦ ના પત્રથી COVID-19 અંગે લોકજાગૃતિ માટે ઓકટોબર-નવેમ્બર ૨૦૨૦ દરમ્યાન IEC અભિયાન ચલાવવા અંગે જાણ કરેલ. સદર બાબતે રાજય કચેરી દ્વારા Google Sheet માં Campaign - COVID 19 Tracker બનાવેલ છે જેમાં આપેલ ફોર્મેટ મુજબ Weekly માહિતી ભરવાની છે.

Tracker ની Link સી.આર.સી. કો.ઓર્ડિનેટર/ આચાર્યશ્રી ને મોકલવાની નથી. પરંતુ ફોર્મેટ મુજબની માહિતી બી.આર.સી/ સી.આર.સી./ શાળા પાસેથી મેળવી એકત્રીત કરેલ માહિતી જિલ્લાએ Tracker માં આપવાની છે.

આથી SPOથી મળેલ ઉકત સૂચના અનુસાર અત્રેથી મુકવામાં આવેલ ગુગલ ડ્રાઇવમાં આપના તાલુકાની ઉપરોક્ત માહિતી આજરોજ 16:00 કલાક સુધીમાં બિનચૂક અપલોડ કરવા આપને જણાવવામાં આવે છે.

*Best Regards,*

**District Project Office Sarva Shiksha Abhiyan , Vernacular Hostel Building,In the composition of Sayajiganj Primary School, 6 and 15,Behind the Saffron Complex,Fatehgunj,Vadodara-390002**

**Email** ::: dpcvadodara@gmail.com

**Tollfree No:::18002332673**

**Phone No ::: 0265-2788854 to 56**

Scanned by CamScanner

Gmail Search mail

to Sinor, BRC, BRC, BRC, BRC, BRC, BRC, BRC, tpeodesar, tpeovadodara, Hemant, TPEO, TPEO, TPEO, TPEO, TPEO, me, JOSHI

પ્રતિ,

BRC કો.ઓ.શ્રી તમામ

જિ.વડોદરા

આથી આપને જણાવવાનું કે રાજ્ય કચેરી દ્વારા પત્ર ક્રમાંક નં. એસએસએ/મકમ/૨૦૨૦/૩૫૩૯૨-૪૬૬, તા.૧૪/૧૦/૨૦૨૦ ના પત્રથી લોકજાગૃતિ માટે ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૦ દરમ્યાન IEC અભિયાન ચલાવવા અંગે જાણ કરેલ. સદર બાબતે રાજ્ય કચેરી દ્વારા Campaign - COVID 19 Tracker બનાવેલ છે જેમાં આપેલ ફોર્મેટ મુજબ Weekly માહિતી ભરવાની છે.

Tracker ની Link સી.આર.સી. કો.ઓર્ડિનેટર/ આચાર્યશ્રી ને મોકલવાની નથી. પરંતુ ફોર્મેટ મુજબની માહિતી બી.આર.સી/ સી.આર. મેળવી એકત્રીત કરેલ માહિતી જિલ્લાએ Tracker માં આપવાની છે.

આથી SPOથી મળેલ ઉક્ત સૂચના અનુસાર અત્રેથી મુકવામાં આવેલ ગુગલ ડ્રાઇવમાં આપના તાલુકાની ઉપરોક્ત માહિતી આજ સુધીમાં બિનચૂક અપલોડ કરવા આપને જણાવવામાં આવે છે.

*Best Regards,*

**District Project Office Sarva Shiksha Abhiyan , Vernacular Hostel Building,In the composition of Sayajiganj Primary School, 6 and 15,Behind the Saffron Complex,Fatehgunj,Vadodara-390002**

Scanned by CamScanner

૩૫૩૯૨-૪૬૬


નં. એસએસએ/મકમ/૨૦૨૦/
ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સમગ્ર શિક્ષા
સેક્ટર–૧૭, ગાંધીનગર
તા. ૧૭.૧૦.૨૦૨૦
ફોન નંબર: (૦૭૯) ૨૩૨૪૩૧૩૩
ઈમેલ : spdssa@gmail.com


શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે


પી. ભારતી, આઈ.એ.એસ.
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર &
કમિશ્નર, પ્રાથમિક શિક્ષણ


પ્રતિ

| | | |
|---|---|---|
| જિલ્લા શિક્ષણાધિકારીશ્રી<br>જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી<br>જિલ્લા. તમામ | જિલ્લા પ્રોજેક્ટ કો–ઓર્ડિનેટર અને<br>જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,<br>જિલ્લા પ્રોજેક્ટ કચેરી, સમગ્ર શિક્ષા,<br>જિ. તમામ | એડી. જિલ્લા પ્રોજેક્ટ કો–ઓર્ડિનેટર અને<br>શાસનાધિકારીશ્રી,<br>નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,<br>જિ. અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા |

વિષય: કોવિડ–૧૯ અંગે લોકજાગૃતિ માટે ઓક્ટોબર–નવેમ્બર–૨૦૨૦ માસ દરમ્યાન IEC અભિયાન ચલાવવા બાબત.

સંદર્ભ: (૧) ભારત સરકારના પત્ર ક્રમાંક:D.O.No.1-3/2020-IS.5 Date: 1/10/2020 અને Date: 6/10/2020
(૨) ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક: પરચ–૧૨૨૦૧૮–૧૫૧–વ.૨

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પત્ર અન્વયે જણાવવાનું કે, ભારત સરકારના કેબિનેટ સચિવશ્રીની અધ્યક્ષતામાં તા.૦૧.૧૦.૨૦૨૦ ના રોજ યોજાયેલ વિડિયો કોન્ફરન્સમાં આગામી ઓક્ટોબર અને નવેમ્બર–૨૦૨૦ બે માસ દરમ્યાન કોરોના મહામારી અંગે લોકોમાં જાગૃતિ આવે તે માટે IEC અભિયાન સ્વરૂપે ઉજવણી કરવા જણાવવામાં આવેલ છે. સરકારી કચેરીઓના કર્મચારી, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ આ અંગે જાગૃત થાય માટે IEC (Information Education Communication) અંતર્ગત નીચેની સૂચનાઓનું પાલન કરવાનું રહે છે.

**(1) Mask**
**(2) Social Distancing**
**(3) Hand hygiene**

ઉપર જણાવેલ મુદ્દાઓ કોવિડ–૧૯ સામેની લડાઈમાં પાયારૂપ છે અને તેનું બહોળા પ્રમાણમાં અનુકરણ અને પાલન થાય તે જરૂરી છે. આ પ્રસ્થાપિત થયેલ કાર્યપદ્ધતિ કોરોનાના સંક્રમણને અટકાવવામાં અત્યંત મહત્વપૂર્ણ છે. આથી, આ અંગે સરકારી કચેરીઓ, શાળાઓ, કોલેજો તથા યુનિવર્સિટીઓમાં સંદેશનો પ્રસાર થાય અને કર્મચારીઓ પણ આ બાબતે ઉત્સાહિત થઈને લોકજાગૃતિ અંગે યોગદાન આપે તે માટે તેમને પ્રેરવા જોઈએ. આ માટે ઓક્ટોબર–૨૦૨૦ અને નવેમ્બર–૨૦૨૦ માસ દરમ્યાનનો એક્શનપ્લાન તૈયાર કરવાનો રહેશે. આ માટે નીચે મુજબની પ્રવૃત્તિ હાથ ધરવાની રહેશે.

(૧) ગુજરાત વર્ચ્યુઅલ શાળા અંતર્ગતના વર્ચ્યુઅલ હોમલર્નિંગ અંતર્ગત રાજ્યકક્ષાએથી થતાં દુરદર્શન ટીવી પ્રસારણ અને ક્લાસના સેશન દરમ્યાન વિદ્યાર્થીઓને માસ્ક પહેરવું, સોશ્યલ ડીસ્ટન્સ જાળવવું અને સેનિટાઈઝર/હાથ ધોવાની બાબત સતત સમજાવવામાં આવશે.

(૨) શાળા કક્ષાએથી શિક્ષક મિત્રો દ્વારા કરવામાં આવતાં વર્ચ્યુઅલ ક્લાસરૂમમાં પણ આ ત્રણ બાબતોની વિગતો વારંવાર વિદ્યાર્થીઓને સમજાવવા અને સેશનની શરૂઆતમાં અને અંતમાં આ વિગતો આપવાની રહેશે.

(૩) જે બાળકો પાસે કોઈપણ પ્રકારની device ઉપલબ્ધ નથી એટલે કે તેમના વાલી પાસે ટી.વી. પણ નથી અને સ્માર્ટ ફોન પણ નથી તેમના હોમલર્નિંગ માટે શિક્ષકો દ્વારા જે વિદ્યાર્થીઓનો રૂબરૂ સંપર્ક કરવામાં આવે છે ત્યારે તેમને કોવિડ–૧૯ અંગે ઉપરોક્ત ત્રણ બાબતો સમજાવવાની રહેશે. જરૂર જણાયે આ વિદ્યાર્થીઓને આ સાથે સામેલ પેમ્પલેટની કોપી પણ આપી શકાશે.

(૪) દરેક શિક્ષણ સંસ્થા દ્વારા બ્લેકબોર્ડ/વ્હાઈટબોર્ડ પર શાળાના મુખ્ય ગેટ પાસે આ કોવિડ–૧૯ મહામારી સંદર્ભે ઉપરોક્ત ત્રણ બાબતો અંગેની જાગૃતિ માટેની વિગતો પ્રદર્શિત કરવાની રહેશે.

E:\D\DPEO\letter.doc

જિ. શિ. અ. કચેરી, વડોદરા
પત્રની નોંધણી નંબર ........
તારીખ. ........
સહી........
હવાલાની સહી........

Scanned by CamScanner

(૫) દરેક શિક્ષણ સંસ્થા દ્વારા પોતાની એસ.એમ.સી., વાલી મંડળ, એસ.એમ.ડી.સી. વગેરેનો સહયોગ લઈ બધા જ વાલીઓ દ્વારા વિદ્યાર્થીઓમાં કોવિડ-૧૯ અંતર્ગત સાવચેતી માટેની જાગૃતિ વિશે માર્ગદર્શિત કરવામાં આવે તે સુનિશ્ચિત કરવાનું રહેશે. આ માટેની માર્ગદર્શિકા તેમજ એકશન પ્લાન નીચે મુજબ રહેશે.

- માઇક્રોસોફ્ટ ટીમ્સ દ્વારા શાળા કક્ષાએ વર્ચ્યુઅલ ક્લાસ:
  - કોઈપણ ઓનલાઇન વર્ગ શરૂ કરતા પહેલા શિક્ષકોએ સામાજિક અંતર, માસ્કનો ઉપયોગ અને સ્વચ્છતા દ્વારા જોખમ નિવારણ અંગે વિદ્યાર્થીઓ સાથે ૩-5 મિનિટની વાતચીત કરવી.આ રીતે સ્માર્ટફોન અને ઇન્ટરનેટથી જોડાયેલ તમામ વિદ્યાર્થીઓ સુધી પહોંચી શકાય.
  - શિક્ષકોએ ઓનલાઇન વર્ગ માટે બનાવવામાં આવેલી MS teams ચેનલો પર ડિજિટલ IEC સામગ્રી શેર કરવી.
- ઘરે શીખીએ સાહિત્ય:
  - આગામી સમયમાં ઘરે શીખીએ સાહિત્યમાં કોરોના મહામારી અંગે જાગૃતા લાવવા અંગેની વિગતો મુકવામાં આવશે.
  - હોમલર્નિંગ અંતર્ગત ઘરે શીખીએ સાહિત્ય શિક્ષકો / ફીલ્ડ સ્ટાફ દ્વારા બધા વિદ્યાર્થીઓને ઘરે વિતરિત કરવામાં આવે છે. તેનો વિદ્યાર્થીઓ દ્વારા યોગ્ય રીતે ઉપયોગ થાય તે માટે જરૂરી માર્ગદર્શન પાઠવવું.
- શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને ફોન કોલ:
  - સામાન્ય ફોન અને ઇન્ટરનેટ વગરના વિદ્યાર્થીઓને પ્રાથમિકતા આપવી.
  - શિક્ષકોએ સ્માર્ટ ફોન અને સામાન્ય ફોનવાળા તમામ વિદ્યાર્થીઓને કોલ કરવા.
  - દર અઠવાડિયે સંપર્ક કરેલ વિદ્યાર્થીઓની સંખ્યા અંગે શાળાને રિપોર્ટ કરવો.
- આઇ.ઇ.સી. સામગ્રીનું વોટ્સએપ દ્વારા વિતરણ:
  - જિલ્લાઓએ રાજ્ય દ્વારા પૂરી પાડવામાં આવેલ આઇ.ઇ.સી. સામગ્રીને તમામ શિક્ષકો અને શાળાઓ સુધી પહોચાડાવી અને તે તમામ વિદ્યાર્થીઓને સુધી પહોચે તે સુનિશ્ચિત કરવું.
  - શિક્ષકોએ તમામ વાલીઓને વોટ્સએપ નંબર પર IEC સામગ્રી મોકલવી અને નિયમિતરીતે IEC સામગ્રી અને અન્ય માહિતી શેર કરવા માટે ધોરણવાર વાલીઓના નબંરના વોટ્સએપ ગૃપ બનાવવા.
- શિક્ષકો દ્વારા ઘર મુલાકાત (હોમ વિઝીટ):
  - શિક્ષકો દ્વારા તમામ વધાર્થીના ઘરે સામાજીક અંતર રાખીને મુલાકાત કરવી.
  - ટીવી અને મોબાઈલ ફોન વિનાના વિદ્યાર્થીઓને અગ્રતા આપવી. ઉપરાંત, વિદ્યાર્થીઓ અને માતાપિતાને IEC સામગ્રીની હાર્ડકોપી આપવી.
- સ્પેશીયલ એજ્યુકેટર દ્વારા ઘર મુલાકાત (હોમ વિઝીટ):
  - વિશેષ શિક્ષકો (સ્પેશીયલ એજ્યુકેટર)એ માતા-પિતાને જાગૃત કરવા તથા IEC સામગ્રી અને સહાયતા પ્રદાન કરવા શાળામાં નોંધાયેલા તમામ CwSN વિદ્યાર્થીઓની મુલાકાત લેવી.
- વિદ્યાર્થીઓ દ્વારા કોવિડ-૧૯ સંબંધિત પ્રવૃત્તિઓ
  - નવરાત્રી, દિવાળી જેવા ઉત્સવના સમયમાં તેઓ પોતાને કેવી રીતે સુરક્ષિત રાખશે તે માટે ચિત્રો, વીડિયો, ઓડીયો, પોસ્ટરો બનાવવા વગેરે જેવા કાર્યની વિદ્યાર્થીઓને સોંપણી કરવા અંગેનું આયોજન કરવું.
  - ઉપરાંત, બધા જ વિદ્યાર્થીઓ તેઓને સોપવામાં આવેલ કાર્ય પૂર્ણ કરી તે કાર્ય વિવિધ માધ્યમો દ્વારા તા:30.11.2020 પહેલાં સબમિટ કરે તે માટે આયોજન કરવું.

E:\D\DPEO\letter.doc

Scanned by CamScanner

- રાજ્ય દ્વારા પૂરા પાડવામાં આવેલ IEC પોસ્ટરોનું વિતરણ:
  - જિલ્લાએ રાજ્ય દ્વારા પૂરા પાડવામાં આવેલ IEC સામગ્રીને પ્રિન્ટ કરી, કોઈપણ ડિજિટલ ઉપકરણ વગરના તમામ વિદ્યાર્થીઓને વિતરણ કરવાનું રહેશે.
  - રાજ્ય દ્વારા પૂરી પાડવામાં આવતી તમામ IEC સામગ્રીને વિદ્યાર્થીઓ અને વાલીઓ સુધી પહોંચાડવા માટે જિલ્લાએ વોટ્સએપ, ઇ-મેલ, એમએસ ટીમ્સ, ફેસબુક વર્કપ્લેસ જેવા વિવિધ પ્લેટફોર્મ મારફત આ સામગ્રી પર શેર કરવી.
- શિક્ષકો દ્વારા શાળામાં એસ.એમ.સી/વાલી મીટીંગ:
  - મહામારીની પરિસ્થિતિ દરમિયાન અપનાવવામાં આવતી સલામત પદ્ધતિઓ વિશેની માહિતી અને જાગૃતિ આપવા માટે શાળા-શિક્ષકોએ એસ.એમ.સી/વાલી મીટીંગ બેઠકનું આયોજન કરવું.
  - શાળાઓએ સુનિશ્ચિત કરવું કે શાળામાં નોંધાયેલ તમામ વિદ્યાર્થીઓનાં વાલીઓ એસ.એમ.સી/વાલી મીટીંગમાં પહોંચે.
  - ઉપરાંત, IEC સામગ્રી ડિજિટલ અથવા ફિઝિકલ કોપી સ્વરૂપે તમામ માતાપિતાને આપવી.
- પ્રતિજ્ઞા:
  - કોરોના મહામારી અંગે સાવચેતીના પગલા રૂપે સ્વાસ્થ્યની કાળજી લેવા માટે પ્રતિજ્ઞા લેવી, અને તેનું અમલીકરણ કરવું. પ્રતિજ્ઞા માટેની વિગત આ સાથે સામેલ છે.

નીચે આપેલ ગુગલ લીંકમાં દરેક સીઆરસી કો–ઓર્ડિનેટર મારફત/આચાર્યશ્રી મારફત આ વિગતો ગુગલ લીંકમાં ભરવાની રહેશે.

(પી. ભારતી)

બિડાણ : સંદર્ભ દર્શિત પત્ર

નકલ સવિનય જાણ અર્થે રવાના :

– માન.સચિવશ્રી (પ્રા. અને મા. શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
– નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
– નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં.૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
– નિયામકશ્રી, જીસીઈઆરટી, સેક્ટર–૧૨, ગાંધીનગર

ગુગલ લીંક Short Link:- rb.gy/9wdwep

ર/ આગળ નિયમ જરૂરી કાર્યવાહી કરવા માટે.

ક્રમાંક/~~[illegible]~~/જા.નં./ ૨૨૩૭૪
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
વડોદરા. તા. [illegible]/૧૧/૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી શાળાઓ તમામ,
જિ- વડોદરા.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા.

E:\D\DPEO\letter.doc

Scanned by CamScanner

<u>પ્રતિજ્ઞા</u>

હું ......................................સંકલ્પ લઉં છું કે હું કોવીડ ૧૯ માટે જાગૃત રહીશ તથા હું અને મારા મિત્રોને આ જોખમથી સજાગ રાખીશ.

હું આ જીવલેણ વાયરસના ફેલાવાને રોકવા માટે પુરતી સાવધાની રાખવાનું વચન આપું છું.

હું કોવીડ સાથે જોડાયેલ વર્તણુક માટે  પાલન કરીશ  તથા બીજાને પણ પ્રોત્સાહિત કરવા વચન આપું છું.

હું હંમેશા માસ્ક પહેરીશ, તેમજ સાર્વજનિક જગ્યાઓ પર ફરજીયાત માસ્ક પહેરીશ.

હું હંમેશા બીજા વ્યક્તિઓ સાથે મળતા સમયે ૬ ફૂટનું અંતર રાખીશ.

હું હંમેશા મારા હાથને વારંવાર સાબુ અને પાણીથી સ્વચ્છ રાખીશ.

આપણે સૌ સાથે મળીને કોવીડ ૧૯ સામેની આ લડાઈ જીતીશું

Scanned by CamScanner